અપીલ અરજી નં.૨૯૫ તા.૨૧–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી (૧) શિવકૃપા ઈન્ડ.એસ્ટટ પ્લોટ નં.૧થી ૪ પર થયેલ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ બાંધકામ વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૫/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૧૦–૧૦ ની અરજી થી(૧) શિવકૃપા ઈન્ડ. એસ્ટટ પ્લોટ નં.૧ થી ૪ પર થયેલ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ બાંધકામ વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૦૮ તા.૩૧–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટેક./૬૭૯ તા.૨૯–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) શિવકૃપા ઈન્ડ. એસ્ટટ પ્લોટ નં.૧ થી ૪ પર થયેલ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ બાંધકામ વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૨) પ્લોટ નં.૧ શુભ ટેક્ષટાઈલ બાજુમાં શુભ ટેક્ષટાઈલ નામનો બીજો પણ ગાળો છે કે આ ગાળાનું બાંધકામને આપના વિભાગે વિકાસ પરવાનગી આપી હોય તો તેની નકલ આપશો. મુદ્દા નં.(૩) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ પાંચ ગાળાના બાંધકામનું ડીમોલીશન આપના વિભાગે કરેલ છે કે કેમ? જો કર્યુ હોય તો તેની વિગત આપશો. તથા આ ડીમોલીશન પેટે આપના વિભાગે મિલ્કતધારક કક્ષાએથી કેટલી રકમ વસુલી તેની નકલ સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૪) ડીમોલીશન થયેલ આ મિલકત હાલમાં ફરીથી તૈયાર કરવામાં આવેલ છે તો આ અંગેની આપના વિભાગે કોઈ પરમીશન આપી હોય તો તેની નકલ સહિતની વિગત આપશો. જે બાબતે અરજદારે નમુના –ખ કે ગ માં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેમજ નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સદર પ્રશ્ન વાળી મિલકત માટે ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી મિલ્કતના ભાગનું ઝોન કચેરીએથી ડીમોલીશન કરવામાં આવેલ હતું આ ડીમોલીશન પેટે મિલ્કતધારક પાસેથી રૂ.૨૫ , ૦૦૦.૦૦/– ડીમોલીશન વહીવટી ચાર્જ તથા રૂ. ૩,૦૦,૦૦૦.૦૦/– ડીપોઝીટ પેટે વસુલવામાં આવેલ. આ મિલ્કત માટે પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલ માહિતી નિયત સમય અવધિ બાદ પૂરી પડાયેલ જણાય છે.પરંતુ મુદ્દા નં.૩ માં અરજદારે નકલ સહિત માહિતી માંગેલ છે જે નકલો પૂરી પાડયાનો ઉલ્લેખ જાહેર માહિતી અધિકારીના પત્રમાં જણાતો નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૩ ની નકલોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામા આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,